# Std 11 Gujarati Textbook Solutions Chapter 3 સુદામાચરિત્ર

**સ્વાધ્યાય**

**1. નીચેના દરેક પ્રશ્નનો એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

**પ્રશ્ન 1. સુદામા પત્નીને શું માનવા કહે છે?**

ઉત્તરઃ

સુદામા પત્નીને પોતાની શિખામણ માનવા કહે છે.

**પ્રશ્ન 2. સુદામાં કયા બે મિત્રોનો ઉલ્લેખ કરે છે?**

ઉત્તરઃ

સુદામા સુકૃત અને દુકૃત મિત્રોનો ઉલ્લેખ કરે છે.

**પ્રશ્ન 3. સુદામા એની પત્નીને 'ક્યાંથી જમીએ શાળ?' – એમ શા માટે કહે છે ?**

ઉત્તરઃ

સુદામા એની પત્નીને ક્યાંથી જમીએ શાળ?" એમ કહે છે, કારણ કે ખેતરમાં હલકું અનાજ વાવ્યું હોય તો તેમાં શાળ (ડાંગર) પાકે નહિ.

**પ્રશ્ન 4. સુદામાનાં બાળકો શા કારણે રડે છે?**

ઉત્તરઃ

સુદામાનાં બાળકો ભૂખ્યાં છે, પરંતુ ઘરમાં ખાવા માટે : અન્ન નથી તેથી રડે છે.

**પ્રશ્ન 5. આ આખ્યાનખંડમાં સ્ત્રી માટે કયા કયા શબ્દો પ્રયોજાયા છે?**

ઉત્તર :

"સુદામાચરિત્ર' આખ્યાન-ખંડમાં સ્ત્રી માટે "સુંદરી', "અબળા' શબ્દો પ્રયોજાયા છે.

**2. નીચેના દરેક પ્રશ્નનો બે-ત્રણ વાક્યોમાં ઉત્તર લખો :**

**પ્રશ્ન 1. પોતાને અન્ન ન મળવા પાછળ સુદામાએ કયાં કારણો રજૂ કર્યો છે?**

ઉત્તરઃ

પોતાને અન્ન ન મળવા પાછળનાં કારણો દર્શાવતાં સુદામા કહે છે કે આપણે એકાદશી-વ્રત કર્યાં નથી;

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

તીર્થયાત્રા કરી નથી; અગ્નિને આહુતિ આપી નથી; કૂતરાં-કાગડા-ગાય માટે જુદું અન્ન કાઢ્યું નથી તેમજ બ્રહ્મભોજન કરાવ્યાં નથી. આપણે અતિથિને નિરાશ કર્યા છે તેમજ હોમહવન કર્યા નથી.

**પ્રશ્ન 2. સુદામાપત્ની પુરાણોમાંથી કોનાં કોનાં દૃષ્ટાંતો ટાંકે છે?**

ઉત્તર :

સુદામાપત્ની પુરાણોમાંથી દષ્ટાંતો ટાંકતાં કહે છે કે શિવે ઘેર અન્નપૂર્ણા રાખ્યાં હતાં; સૂર્યએ અક્ષયપાત્ર રાખ્યું હતું, ઋષિઓ કામધેનુને સેવતા હતા તેમજ દેવો કલ્પવૃક્ષને સેવતા હતા.

**પ્રશ્ન 3. સુદામાપત્નીને સુદામાની જ્ઞાનની વાતો કેમ ગળે ઊતરતી નથી?**

ઉત્તરઃ

સુદામાપત્નીને સુદામાની જ્ઞાનની વાતો ગળે ઊતરતી નથી, કારણ કે જ્ઞાનની વાતોથી પેટ ભરાય નહિ. ઘરમાં બાળકો ભોજન માટે રડી રહ્યાં છે, પણ તેઓને માટે ઘરમાં કશું ખાવાનું નથી.

**3. નીચેના પ્રશ્નનો સવિસ્તર ઉત્તર લખો :**

**પ્રશ્ન 1. આ કાવ્યમાં રજૂ થયેલી સુદામાની દરિદ્રતા તમારા શબ્દોમાં વર્ણવો.**

ઉત્તરઃ

‘સુદામાચરિત્ર’ કાવ્યમાં સુદામાનાં પત્નીના મુખથી આંખમાં આંસુ સાથે સુદામાની દરિદ્રતાનું કરેલું વર્ણન સાંભળવા મળે છે. ઘરમાં અન્ન વિના બાળકો ભૂખે ટળવળે છે.

કામ કે મોક્ષની પ્રવૃત્તિ અન્ન વિના શક્ય નથી. અન્ન મળે તો જ જીવી શકાય અને તો જ ધર્મનું આચરણ કરી શકાય. જ્ઞાનબોધથી પેટ ભરાય નહિ.

સુદામાનાં પત્ની સુદામાને કૃષ્ણ બળદેવ પાસે જઈને યાચના કરવા કહે છે. તેમને વિશ્વાસ છે કે ભગવાન વિષ્ણુ તેમના લલાટે લખાયેલા દારિદ્રના અક્ષર તે જ વખતે ધોઈ નાખશે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in